◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

નીડ 24 ન્યૂઝ

દરેક ખબર, દરેક શહેર

◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

DIGITAL E-PAPER

PRGI APPLICATION UNDER PROCESS
Application No. T/GJ/2026/0619/2304/1577

GST
GSTIN 24CINPG0564Q1ZT

UDYAM REGISTERED
UDYAM-GJ-14-0003714

◆ DIGITAL NEWS NETWORK ◆
ભારતનું વિશ્વસનીય બહુભાષી ડિજિટલ ન્યૂઝ નેટવર્ક
11+ Languages | 24×7 Live | e-Paper Daily

અમારી App ડાઉનલોડ કરો
Download on the App Store
GET IT ON Google Play

www.need24.digital
info@need24.in
+91 98700 06472
FOLLOW US:

तेज़ | सटीक | निष्पक्ष | जनहित में | सच की आवाज़ | जन-जन की आवाज़ | निडर पत्रकारिता

અમદાવાદ એરપોર્ટ પર ઇન્ડિગોની નાસિક અને ભોપાલની બે ફ્લાઇટ છેલ્લી ઘડીએ રદ, બોર્ડિંગ-લગેજ જમા થયા બાદ જાહેરાત કરાતા મુસાફરોમાં રોષ



અમદાવાદ એરપોર્ટ પરથી ગુરુવારે(12 નવેમ્બર) ઓપરેટ થતી ઇન્ડિગો એરલાઇન્સની અમદાવાદ-નાસિક અને અમદાવાદ-ભોપાલ એમ બે ફ્લાઇટ છેલ્લી ઘડીએ રદ કરવામાં આવતા મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા હતા. ખાસ કરીને નાસિક જતી ફ્લાઇટમાં મુસાફરોની બોર્ડિંગ પ્રક્રિયા અને લગેજ જમા થઈ ગયા બાદ ઉડાનના માત્ર એક કલાક પહેલા ફ્લાઇટ કેન્સલ કરવાની જાહેરાત કરાતા એરપોર્ટ પર મુસાફરોએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો.ઇન્ડિગો એરલાઇન્સની અમદાવાદથી નાસિક જતી ફ્લાઇટ (નંબર 6E 7114) સાંજે 4.05 વાગ્યે ટેકઓફ થવાની હતી. આ ફ્લાઇટ પકડવા માટે મુસાફરો 2થી 3 કલાક પહેલા જ એરપોર્ટ પર પહોંચી ગયા હતા. મુસાફરોની બોર્ડિંગ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી અને લગેજ પણ જમા કરી લેવામાં આવ્યો હતો. જો કે, ઉડાનના માત્ર એક કલાક પહેલા એરલાઇન્સ દ્વારા ફ્લાઇટ રદ કરવામાં આવી હોવાની જાણ કરાતા મુસાફરો અટવાઈ પડ્યા હતા. આ ઉપરાંત, દિવસ દરમિયાન અમદાવાદથી ભોપાલ જતી ઇન્ડિગોની વધુ એક ફ્લાઇટ (નંબર 6E 7191) પણ રદ થતા મુસાફરોને મુશ્કેલી વેઠવી પડી હતી.

"વૈકલ્પિક વ્યવસ્થાના નામે અવ્યવસ્થા"

ફ્લાઇટ રદ થયા બાદ નાસિક જવા માટે અન્ય કોઈ સીધી ફ્લાઇટની વ્યવસ્થા કરવાને બદલે એરલાઇન્સ દ્વારા મુસાફરોને અમદાવાદથી મુંબઈ અને ત્યાંથી રોડ માર્ગે નાસિક જવાનો અથવા બીજા દિવસની ટિકિટ લેવાનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. સીધી ફ્લાઇટના બદલે કલાકોની વધારાની મુસાફરીનો વિકલ્પ અપાતા મુસાફરોના સમય અને આયોજિત કાર્યક્રમો પર અસર પડી હતી. મુસાફરોએ DGCAના નિયમો મુજબ યોગ્ય વળતર અને રિફંડની માગ સાથે વિરોધ નોંધાવ્યો આ ઘટના અંગે ફ્લાઇટમાં મુસાફરી કરનાર પેસેન્જરે જણાવ્યું હતું કે, એરલાઇન્સ દ્વારા ટેક્નિકલ કારણ આગળ ધરીને ફ્લાઇટ કેન્સલ કરવામાં આવી છે. બીજી તરફ, ઇન્ડિગો એરલાઇન્સના સત્તાવાર સૂત્રો દ્વારા બંને ફ્લાઇટ (નાસિક અને ભોપાલ) 'ઓપરેશનલ કારણોસર' રદ કરવામાં આવી હોવાનું જણાવાયું હતું.

— sutariya kalpeshbhai haribhai, Surat

CRIME

અમદાવાદ: શીલજ સર્કલ પર હિટ એન્ડ રન કરનાર ભાજપ MLAનો ભત્રીજો નીકળ્યો, પોલીસે ધરપકડ બાદ આપ્યા જામીન, અકસ્માતમાં યુવકનું થયું હતું મોત



અમદાવાદના શીલજ સર્કલ પર હિટ એન્ડ રનની ઘટનામાં અકસ્માત કરનાર કારચાલક MLAનો ભત્રીજો રાઘવેન્દ્ર કુશવાહ નીકળ્યો. 11 નવેમ્બરના રોજ કારચાલકે રેપિડો બાઈકને અડફેટે લેતાં એક યુવકનું કરૂણ મોત નીપજ્યું હતું. આ મામલે બોપલ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે કાર સાથે રાઘવેન્દ્ર કુશવાહની ધરપકડ કર્યા બાદ જામીન પર મુક્ત કર્યો છેપોલીસ ફરિયાદ મુજબ, શહેરના શીલજ સર્કલ નજીક ગુરુકૃપા ટ્રેડર્સ ચાર રસ્તા પાસે 11 નવેમ્બરના સવારે 7 વાગ્યે અકસ્માતના બનાવમાં એક યુવકનું મૃત્યુ નિપજ્યું હતું. જેમાં રેપિડો ચાલક પ્રદીપ કુમાર અને પાછળ બેઠેલા હર્ષદકુમાર પુરબિયાને કારચાલકે અડફેડે લીધા હતા. આ અકસ્માતમાં હર્ષદકુમાર પુરબીયા(ઉ.વ.35)નું મોત નિપજ્યું હતુ. મૃતક હર્ષદ મૂળ સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રાનો વતની અને હાલ અમદાવાદના શાસ્ત્રીનગરમાં રહેતોઅકસ્માતને અંજામ આપ્યા બાદ કારચાલક રાઘવેન્દ્ર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ મામલે બોપલ પોલીસે સીસીટીવી ફૂટેજ અને નંબર પ્લેટ આધારે આરોપી રાઘવેન્દ્ર કુશવાહની ધરપકડ કરી હતી. અગાઉ પણ આરોપી રાઘવેન્દ્રએ અકસ્માત સર્જાયો હોવાની આશંકા છે.આરોપી રાઘવેન્દ્ર બાપુનગરના ધારાસભ્ય દિનેશસિંહ કુશવાહનો ભત્રીજો છે. હિટ એન્ડ રનના બનાવ અંગે બોપલ પોલીસે આરોપી રાઘવેન્દ્રની ધરપકડ કરીને જામીન પર મુક્ત કરવામાં આવ્યો છે. આ અંગે બોપલ પોલીસ સ્ટેશનના ઈનચાર્જ ઇન્સ્પેક્ટરે(PI) જણાવ્યું કે, 'અમે શીલજ અકસ્માતના મુખ્ય આરોપીની સવારે જ ધરપકડ કરી પૂછપરછ કર્યા બાદ કાયદાકીય જોગવાઈ મુજબ ફેટલ કેસમાં જામીન આપવા પડે તેમ હોવાથી તેને જામીન પર મુક્ત કર્યો છે. આ બાબતે કોઈ અન્ય કોઈનું દબાણ નહોતું અને અમે સીધા મુખ્ય આરોપીને જ પકડ્યો છે. અમને અકસ્માતની જાણ થયાના 15થી 17 કલાકની અંદર જ અમે આરોપીને તેના ઘરેથી લઈ આવ્યા હતા. તે ક્યાંય ભાગી ગયો નહોતો પરંતુ તેનું સરનામું અલગ હોવાથી શોધવામાં થોડો સમય લાગ્યો હતો. અકસ્માત સમયે આરોપીએ કોઈ નશો કર્યો હોય તેવી વિગત હાલની તપાસમાં સામે આવી નથી. આ અકસ્માત શીલજ તરફથી હાઇવે બાજુ જતાં રસ્તા વચ્ચે બન્યો હતો, જેમાં એક બાઈક રોડ ક્રોસ કરીને અંદર જતી વખતે રોડની વચ્ચે આવી જતાં તેના પાછળના ભાગે ટક્કર વાગી હતી. આ ઉપરાંત, જે જગ્યાએ આ અકસ્માત સર્જાયો ત્યાં કોઈ સીસીટીવી કેમેરા પણ ઉપલબ્ધ નથી.'

— sutariya kalpeshbhai haribhai, Surat

LOCAL

મંગરોળમાં યુવાન કૃષિ વિદ્યાર્થી ક્રિશ નંદાણીયાએ દિવાળી fireworks ના બદલે અનેક પરિવારને ગરમ ધાબળા વિતરણ



જુનાગઢ જિલ્લામાં મંગરોળ તાલુકાના લોએજ ગામમાં રહેતા અને કૃષિ અભ્યાસ કરતા 18-વર્ષીય ક્રિશ મહેંદ્રભાઈ નંદાણીયાએ દિવાળી તહેવાર પહેલાં એક અનોખો નિર્ણય લીધો. ફટાકડાઓમાં ખર્ચ થતો 10-15 હજાર રૂપિયા બચાવીને, શહેરમાં રાત્રિ સમયે ઠંડીથી પીડિત જરૂરિયાતમંદ પરિવારોને ગરમ ધાબળા (બ્લેન્કેટ) આપવાનો પ્રસ્તાવ તેમણે મૂક્યો.

ક્રિશએ પોતાના મિત્રો સાથે મળીને આ યોજના અમલમાં મૂકી. તહેવાર બાદ, તેઓ રૂબરૂ જઈને અનેક પરિવારોને ધાબળા વિતરણ કર્યા. વિતરણ દરમિયાન ક્રિશના મિત્રો દીક્ષિત બારીયા, કુલદીપ બારીયા, સાગર નંદાણીયા, તેમજ ક્રિશના પિતા મહેંદ્રભાઈ નંદાણીયા, કૂણાલ ભાઈ ભરડા અને ફેજાન ભાઈ શેખ હાજર રહ્યા. મહેંદ્રભાઈ નંદાણીયા મંગરોળ તાલુકા નોકરિયાત શ્રાફી સહકારી મંડળીમાં મેનેજર તરીકે સેવા આપે છે અને અનેક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા છે.

આ સહયોગી પ્રયાસમાં ધાબળાઓનું વહેંચાણ માત્ર ગરમાઈ જ નહીં, પણ સમાજમાં સહાનુભૂતિ અને પરોપકારની ભાવનાને પણ પ્રોત્સાહિત કરે છે. ક્રિશની આ પહેલને સ્થાનિક લોકો દ્વારા પ્રશંસિત કરવામાં આવી છે અને "મોર ના ઈંડા ચીતરવા ના પડે" કારણ તેમના પિતા મહેન્દ્ર ભાઈ પણ અનેક સેવા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે,નાની ઉંમરે પણ મોટા વિચાર અને ક્રિયાઓ સંસ્કારો થીજ સંભવ છે

ક્રિશ ભાઈ ની આ પ્રેરણાદાયી સેવા અન્ય યુવાનો માટે ઉદાહરણ બની છે. તેઓએ સાબિત કર્યું કે તહેવારોની ઉજવણીમાં ખર્ચને જરૂરિયાતમંદો સુધી પહોંચાડીને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે.

વંદેમાતરમ ગ્રુપ શિવમ ચક્ષુદાન અને સંજીવની નેચર ફાઉન્ડેશન આ સેવા કાર્ય ને બિરદાવે છે, આ કાર્ય યુવાનો માટે ગૌરવ પૂર્ણ છે

— SUDIP GADHIYA

નર્મદામાં જનજાતીય ગૌરવ સપ્તાહ–૨૦૨૬ની ભવ્ય ઉજવણીની તૈયારીઓ! 1,071 આદિવાસી ખેડૂતોને મળશે જમીનના હક્કો



નર્મદામાં જનજાતીય ગૌરવ સપ્તાહ–૨૦૨૬ની ભવ્ય ઉજવણીની તૈયારીઓ! 1,071 આદિવાસી ખેડૂતોને મળશે જમીનના હક્કો

રાજપીપલા ખાતે જિલ્લા કલેક્ટર ગંગા સિંઘની અધ્યક્ષતામાં જનજાતીય ગૌરવ દિવસ–૨૦૨૬ની ઉજવણી અંગે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં સાંસદ મનસુખભાઈ વસાવા અને ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ ઉપસ્થિત રહ્યાં હતાં.

તા. ૧૨થી ૧૮ નવેમ્બર દરમિયાન ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી કરાશે.

સપ્તાહ દરમિયાન યુવા સંવાદ સંમેલન, ભગવાન બિરસા મુંડાની પ્રતિમાની સફાઈ, પૂજન-અર્ચન, ભજન-કીર્તન અને દીપોત્સવ જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે.

તા. ૧૫ નવેમ્બરે નાંદોદ અને દેડિયાપાડા ખાતે બે મુખ્ય કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે વન અધિકાર અધિનિયમ હેઠળ ૪૪૫ અધિકારપત્રોનું વિતરણ કરી ૧,૦૭૧ આદિવાસી ખેડૂતોને આશરે ૫૯૦ હેક્ટર જમીનના હક્કો આપવામાં આવશે.

સાંસદ મનસુખભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાના બલિદાન, જીવનસંદેશ અને આદિવાસી સમાજના ગૌરવશાળી ઇતિહાસને જનજન સુધી પહોંચાડવો આ ઉજવણીનો મુખ્ય હેતુ છે.

ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખે પણ યુવાનોને વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી બનવા અપીલ કરી હતી.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નર્મદા જિલ્લાના નાગરિકો અને આદિવાસી સમાજના ભાઈ-બહેનોને બંને સ્થળે યોજાનારા કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.

જનજાતીય ગૌરવ, આદિવાસી સંસ્કૃતિ અને અધિકારોના સન્માન સાથે નર્મદા જિલ્લામાં ગૌરવ સપ્તાહની ઉજવણીની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

— Bhailalbhai Baria

AGRICULTURE

દ્વારકા જિલ્લામાં કિસાન મહાસભા: કોંગ્રેસ અને કિસાન સંઘર્ષ સમિતિએ આયોજિત



દ્વારકા જિલ્લામાં કિસાન કોંગ્રેસ અને કિસાન સંઘર્ષ સમિતિ દ્વારા ખેડૂતોના હક, અધિકાર અને ન્યાય માટે મહાસભાનું આયોજન કરવામાં આવ્યું.

મહાસભામાં લાલજી દેસાઈ, જિગ્નેશ મેહવાણી, પાલભાઈ અંબાલિયા, જયેશ પટેલ, વિક્રમ માડમ, કરશનદાસ બાપુ ભાદરકા સહિત કોંગ્રેસના આગેવાનો અને ખેડૂતોના નેતાઓ સાથે હજારો ખેડૂતો ભાગ લીધો.

કોંગ્રેસના પ્રતિનિધિઓએ ખેડૂતોનો અવાજ બુલંદ કરવાનો અને ન્યાય મળ્યા સુધી મક્કમ રીતે સંઘર્ષ કરવાની પ્રતિજ્ઞા વ્યક્ત કરી. તેમણે સરકારને ખેતી સંબંધિત નીતિઓમાં ફેરફાર કરવા અને ખેડૂતોના હક્કોનું રક્ષણ કરવા વિનંતી કરી.

આ મહાસભા દ્વારા ખેડૂતોની માંગો અને સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને રાજકીય અને સામાજિક દબાણ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ભાગ લેનારાઓએ ન્યાય અને યોગ્ય સહાય માટે સરકારને ઝૂકાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

— Solanki Bhadreshkumar Javanbhai

LOCAL

સાબરકાંઠામાં ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસનું ઉજવણી..



સાબરકાંઠામાં-:

૧૧ થી ૧૮ નવેમ્બર સુધી ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ નિમિત્તે ‘જનજાતીય ગૌરવ દિવસ’નું આયોજિત કરવામાં આવશે.આ ઉજવણીના ભાગરૂપે હિંમતનગર સર્કિટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ, જેમાં રાજ્ય અધિકારીઓ અને સ્થાનિક નેતાઓએ કાર્યક્રમની વિગત અને મહત્વ પર ચર્ચા કરી.જનજાતીય ગૌરવ દિવસમાં બિરસા મુંડા જેવા પ્રખ્યાત આદિવાસી નેતા દ્વારા આપેલી સ્વતંત્રતા અને સામાજિક સમાનતા માટેની વિચારધારા પર પ્રકાશ પાડવામાં આવશે, તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને ચર્ચાઓનું આયોજન છે..

કાર્યક્રમમાં સ્થાનિક જનજાતિ સમુદાયો, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાન્ય જનતા ભાગ લેશે, જેથી આ મહત્વપૂર્ણ ઐતિહાસિક વ્યક્તિની યાદને સન્માનિત કરી અને જનજાતિ હિતો માટે જાગૃતિ વધારી શકાય.

— એસ એ શિરોયા

CRIME

સાવરકુંડલા શહેરમા મોડી રાતે જેસર રોડ પર યુવક ઉપર છરી વડે જીવલેણ હુમલો



અમરેલી-: સાવરકુંડલા શહેરમા મોડી રાતે જેસર રોડ પર યુવક ઉપર છરી વડે જીવલેણ હુમલો

કુલદીપ સાંઢસુર ને છાતીના ભાગે અને પીઠના ભાગે છરી વડે ગંભીર હુમલો થતા સારવાર હેઠળ

પ્રથમ અમરેલી રીફર કર્યા બાદ સ્થિતિ વધુ ગંભીર થતા રાજકોટ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડ્યા

યુવતીને મેસેજ કરતા હુમલો થયો હતો

આરોપી યુવતીને ઇન્સ્ટાગ્રામમાં અગાવથી ફોલો કરતા હતા જેના કારણે મનદુઃખ થતા મામલો બિચક્યો

છરી વડે હુમલો કરનારા આરોપી માનવ રાદડીયા અને ઉદય રાદડિયા સામે ફરીયાદ નોંધાય

પોલીસએ આરોપીને રાઉન્ડપ કર્યા આજે ધરપકડ કરી કાર્યવહી કરશે

— yogeshkumar v kanabar

EDUCATION

રાજુલાના નિંગાળા-1 ખાતે શ્રી આહીર એજ્યુકેશન સમિતિનો પાંચમો તેજસ્વી વિદ્યાર્થી તથા વ્યક્તિ વિશેષ સન્માન સમારોહ ભવ્ય રીતે યોજાયો



શિક્ષણ, સહકાર અને સંગઠનના મંત્ર સાથે સમાજના શૈક્ષણિક અને સામાજિક ઉત્કર્ષ માટે કાર્યરત શ્રી આહીર એજ્યુકેશન સમિતિ – રાજુલા દ્વારા ગુરુવાર, તા. ૧૨-૧૧-૨૦૨૬ના રોજ નિંગાળા-૧ ગામે આવેલી શ્રી આહીર સમાજવાડી ખાતે પાંચમો “તેજસ્વી વિદ્યાર્થી તથા વ્યક્તિ વિશેષ સન્માન સમારોહ એવમ્ સ્નેહમિલન-૨૦૨૬” ભવ્ય અને ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાયો હતો

— yogeshkumar v kanabar

LOCAL

હિંમતનગરમાં દુર્ગા રેલવે ઓવરબ્રિજનું નિર્માણ ડિસેમ્બર સુધી પૂર્ણ..



સાબરકાંઠાના-:

હિંમતનગરમાં જૂની સિવિલ સર્કલથી દુર્ગા બજાર અને છાપરિયા સુધી 700 મીટર લાંબો દુર્ગા રેલવે ઓવરબ્રિજનું નિર્માણ 18 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે મંજુર થયું છે. હાલ ઓવરબ્રિજનું કામ અંતિમ તબક્કામાં છે અને ડિસેમ્બર મહિનાના અંત સુધી પૂર્ણ થવાની શક્યતા છે.ઓવરબ્રિજના દુર્ગા બજાર તરફનો ભાગ પહેલેથી તૈયાર થઈ ગયો છે,જ્યારે સિવિલ તરફની કલરિંગ, દિવાલ અને રેમ્પની રચના ચાલુ છે..

આ કામ પૂર્ણ થયા બાદ 19 પિયર્સ પર સ્થાનિક મહત્વના સ્થળો અને મંદિરનાં ચિત્રો, જેમ કે અંબાજી, ખેડબ્રહ્મા, શામળાજી વગેરે, રંગીન પેઇન્ટિંગ દ્વારા દર્શાવવામાં આવશે.ઓવરબ્રિજની નીચેના કલર કામ અને પિયર્સ પરની પેઇન્ટિંગ હાલ ચાલી રહી છે, જેથી માર્ગની સુરક્ષા અને સૌંદર્યમાં વધારો થાય. પૂર્ણતા બાદ ઓવરબ્રિજનું ઉપયોગ શરૂ થશે, જે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં પરિવહન સુવિધા સુધારશે.પ્રોજેક્ટની સમયસીમા મુજબ, ડિસેમ્બર મહિનામાં તમામ કામો સમાપ્ત થશે અને ઓવરબ્રિજને સત્તાવાર રીતે ખુલ્લું કરવામાં આવશે, જે સ્થાનિક જનતા માટે મહત્વપૂર્ણ પરિવહન માધ્યમ બની રહેશે.

— એસ એ શિરોયા

LOCAL

સાબરકાંઠા, ઇડર: કડિયાદરા ગામમાં ગટરલાઇનની ગંભીર સમસ્યા, રહેવાસીઓએ કાયમી ઉકેલની માંગ..



સાબરકાંઠામાં-:

ગંભીર ખામી જોવા મળી રહી છે.વરસાદ અને સામાન્ય ઉપયોગ બાદ ગટરલાઇનમાંથી ગંદો પાણી બહાર આવી રહેલ છે,જેનાથી ગામની સ્વચ્છતા અને આરોગ્ય પર ગંભીર અસર પડી રહી છે.ગામવાસીઓએ તંત્રની ઉદાસીનતા અને કામચલાઉ સફાઈની વ્યવસ્થા પ્રત્યે કડક રોષ વ્યક્ત કર્યો છે.તેઓ જણાવે છે કે સમયસર મરામત અને યોગ્ય જાળવણી ન કરવામાં આવતી હોવાથી સમસ્યા વધતી જાય છે..

રહેવાસીઓએ કાયમી ઉકેલની માંગ કરી છે, જેથી ગટરલાઇનની પુનઃસ્થાપના અને નિયમિત નિરીક્ષણ થાય.તેઓ સ્થાનિક અધિકારીઓ અને સંબંધિત વિભાગોને વિનંતી કરે છે કે આ મુદ્દાને તાત્કાલિક પ્રાથમિકતા આપી યોગ્ય પગલાં લેવાય.

— એસ એ શિરોયા

EDUCATION

થરાદના ઘંટીયાળી ગામમાં પ્રાથમિક શાળાના નવા ભવનનું ખાતમુહૂર્ત અને વિકાસકાર્યોનું લોકાર્પણ



થરાદના ઘંટીયાળી ગામમાં પ્રાથમિક શાળાના નવા ભવનનું ખાતમુહૂર્ત સમારંભ યોજાયો. સ્થાનિક અધિકારીઓ અને ગામવાસીઓએ ઉપસ્થિત રહી આ મહત્વપૂર્ણ પગલું ઉજવ્યું.

સમારંભ દરમિયાન ગામના વિવિધ વિકાસકાર્યોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું, જેના દ્વારા ગામની મૂળભૂત સુવિધાઓમાં સુધારો થશે.

નવા શાળા ભવન અને અન્ય વિકાસ પ્રોજેક્ટો ગામના બાળકો અને નાગરિકો માટે શિક્ષણ અને જીવનમાપદંડમાં સુધારો લાવશે.

આ પહેલ દ્વારા સ્થાનિક સમુદાયની પ્રગતિ અને સુખાકારીને પ્રોત્સાહન મળશે, અને ભવિષ્યમાં વધુ વિકાસકાર્યો માટે માર્ગ પ્રસ્થાપિત થશે.

— Solanki Bhadreshkumar Javanbhai

INTERNATIONAL

ન્યૂયોર્કમાં મોટી દુર્ઘટના: ત્રણ માળની ઈમારત ધરાશાયી થતાં 8 લોકોના મોત, 17ને ઈજા



અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં બુધવારે એક રહેણાંક ઈમારત અચાનક પત્તાના મહેલની જેમ તૂટી પડતા મોટી દુર્ઘટના સર્જાઈ છે. આ ત્રણ માળની ઈમારતમાં એપાર્ટમેન્ટ આવેલા હતા અને અકસ્માત થયો ત્યારે અંદર ઘણા લોકો હાજર હતા. અત્યાર સુધીમાં આ દુર્ઘટનામાં 8 લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે 3 ફાયર ફાઈટર્સ સહિત ઓછામાં ઓછા 17 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. કાટમાળ નીચે હજુ પણ કેટલાક લોકો દટાયેલા હોવાની આશંકાના પગલે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી ચાલી રહી છે.Gujarat Samachar

Search for news, topics and more

Theme

ગુજરાત

વર્લ્ડ

નેશનલ

સ્પોર્ટ્સ

એન્ટરટેઈનમેન્ટ

બિઝનેસ

એસ્ટ્રોલોજી

મુંબઈ

તમારા કામનું

New

મેગેઝિન

એડિટોરિયલ

લાઈફ

NRI ન્યૂઝ

હેલ્થ

સાયન્સ & ટેક

GPSC

World

VIDEO : ન્યૂયોર્કમાં મોટી દુર્ઘટના: ત્રણ માળની ઈમારત ધરાશાયી થતાં 8 લોકોના મોત, 17ને ઈજા

By GS Team

12 Nov 2026

2 mins read

Add as a preferred

source on Google

TukuTouch Logo

ન્યૂયોર્કમાં બુધવારે 3 માળની રહેણાંક ઈમારત ધરાશાયી થતાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં 8 લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે 3 ફાયર ફાઈટર્સ સહિત 17થી વધુ લોકો ઘાયલ થયા છે. કાટમાળ નીચે હજુ પણ કેટલાક લોકો ફસાયા હોવાની આશંકા છે, જેથી બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મેયરે દુઃખ વ્યક્ત કરી હેલ્પલાઈન નંબર જાહેર કર્યા છે. દુર્ઘટનાનું કારણ જાણવા તપાસના આદેશ અપાયા છે.

00:00

00:27

Summarized by AI; it may make mistakes. Check important info

VIDEO : ન્યૂયોર્કમાં મોટી દુર્ઘટના: ત્રણ માળની ઈમારત ધરાશાયી થતાં 8 લોકોના મોત, 17ને ઈજા

New York Building Collapse : અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં બુધવારે એક રહેણાંક ઈમારત અચાનક પત્તાના મહેલની જેમ તૂટી પડતા મોટી દુર્ઘટના સર્જાઈ છે. આ ત્રણ માળની ઈમારતમાં એપાર્ટમેન્ટ આવેલા હતા અને અકસ્માત થયો ત્યારે અંદર ઘણા લોકો હાજર હતા. અત્યાર સુધીમાં આ દુર્ઘટનામાં 8 લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે 3 ફાયર ફાઈટર્સ સહિત ઓછામાં ઓછા 17 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. કાટમાળ નીચે હજુ પણ કેટલાક લોકો દટાયેલા હોવાની આશંકાના પગલે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી ચાલી રહી છે.

મેયર ઝોહરાન મમદાનીએ દુઃખ વ્યક્ત કર્યું, હેલ્પલાઈન નંબર જાહેર

ન્યૂયોર્કના મેયર ઝોહરાન મમદાનીએ 8 નાગરિકોના મોતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, આ ઘટનાથી તેમનું હૃદય દ્રવી ઉઠ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપતા લખ્યું કે બચાવકર્મીઓએ અત્યંત જોખમી પરિસ્થિતિઓ વચ્ચે આખી રાત કાટમાળમાં ફસાયેલા લોકોને શોધવાનું અભિયાન ચલાવ્યું છે. મૃતકોના પરિવારજનો અને ઘાયલો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવાની સાથે મેયરે લોકોને ઘટનાસ્થળથી દૂર રહેવા અપીલ કરી છે. વધુમાં, જો કોઈ વ્યક્તિ પોતાના પરિચિતનો સંપર્ક ન કરી શકતી હોય તો ન્યૂયોર્ક શહેરમાંથી 311 પર અને શહેરની બહારથી 212-639-9675 પર સંપર્ક કરવા જણાવાયું છે.મોટા ધડાકા જેવો અવાજ સંભળાયો

દુર્ઘટના સમયે આસપાસ હાજર રહેલા લોકોએ ભયાનક દ્રશ્યો વર્ણવ્યા હતા. ઈમારતની બરાબર પાછળ રહેતા ઈમેન્યુએલા કેરિલસે જણાવ્યું હતું કે પહેલા કોઈ મોટો વિસ્ફોટ થયો હોય તેવો અવાજ આવ્યો અને ત્યારબાદ ચારેબાજુ લોકોની ચીસો સંભળાવા લાગી હતી. અન્ય એક પ્રત્યક્ષદર્શી ડેશિકે કહ્યું કે તેણે જીવનમાં આવું દ્રશ્ય ક્યારેય જોયું નથી. રાહતની વાત એ રહી કે બચાવ ટુકડીએ કાટમાળ નીચેથી એક 6 મહિનાની ગર્ભવતી મહિલાને જીવિત બહાર કાઢી હતી, જેનો વીડિયો પણ સામે આવ્યો છે. મહિલાના પતિએ ભાવુક થઈને બચાવકર્મીઓનો આભાર માનતા પોતાની પત્ની સુરક્ષિત હોવાની ખુશી વ્યક્ત કરી હતી.

દુર્ઘટના પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસના આદેશ

ત્રણ માળની આ ઈમારત અચાનક કયા સંજોગોમાં ધરાશાયી થઈ તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર કારણ સામે આવ્યું નથી. ઈમારતના બાંધકામમાં કોઈ ખામી હતી કે અન્ય કોઈ ટેકનિકલ કારણ જવાબદાર છે, તે દિશામાં તપાસ શરૂ કરી દેવામાં આવી છે. સ્થાનિક પ્રશાસન દ્વારા સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ કરીને જવાબદારો સામે કાર્યવાહી કરવાની તૈયારી હાથ ધરાઈ છે

— sutariya kalpeshbhai haribhai, Surat

પંચમહાલમાં જનજાતીય ગૌરવ દિવસ-2026 માટે પ્રેસ કોન્ફરન્સ યોજાયો



પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં આજે જનજાતીય ગૌરવ દિવસ-2026ની સાત દિવસીય ઉજવણી માટે પ્રેસ કોન્ફરન્સ યોજાયો. પ્રેસ કોન્ફરન્સમાં કાર્યક્રમની સમયસૂચી, આયોજન અને મુખ્ય હેતુઓની વિગતવાર જાણકારી આપવામાં આવી.

આ ઉજવણી 12 થી 18 નવેમ્બર સુધી વિવિધ સ્થળોએ યોજાશે, જેમાં જનજાતીય સમાજના ઇતિહાસ, સંસ્કૃતિ, પરંપરા અને સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને ઉજાગર કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમોમાં પ્રદર્શન, સેમિનાર, સાંસ્કૃતિક પ્રદર્શનો અને જનજાતીય કલા અને હસ્તકલા પ્રદર્શનો સામેલ રહેશે, જે દ્વારા જનજાતીય સમુદાયની સમૃદ્ધ વારસાને જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ પહેલ દ્વારા જનજાતીય સમુદાયની ઓળખ અને ગૌરવને મજબૂત કરવાના સાથે, સમાજમાં સહનશીલતા અને સાંસ્કૃતિક વૈવિધ્યતા પ્રત્યે જાગૃતિ વધારવાનો ઉદ્દેશ્ય છે.

— Solanki Bhadreshkumar Javanbhai

SPORTS

મેગવાળ પ્રીમિયર લીગ 7નું સમાપન આરખી ગામમાં, ધનીયાવાડા ટીમની જીત



સીબાવળ મેઘવાળ પ્રીમિયર લીગ 7નું સમાપન આજે આરખી ગામમાં થયું. ધનીયાવાડા ટીમે મેચમાં ઉત્તમ પ્રદર્શન કરીને વિજય મેળવ્યો.

આ મેચમાં બંને ટીમોએ ઉત્તમ રમત રજૂ કરી, પરંતુ ધનીયાવાડા ટી nimની ગતિ અને ટીમ વર્કને કારણે તેઓએ અંતિમમાં જીત મેળવી.

આ ઇવેન્ટમાં સ્થાનિક ખેલાડીઓ અને પ્m kiરેક્ષકોની હાજરી નોંધપાત્ર હતી, જેનાથી લીગને વધુ લોકપ્રિયતા મળી.

આ જીતથી ધનીયાવાડા ટીમને આગામી રાઉન્ડ માટે સારો પ્રારંભ મળ્યો અને સ્થાનિક ક્રિકેટમાં ઉત્સાહ વધ્યો.

— Mukesh parmar

ખનિજ ચોરી કરતી આર્ચેન જખાઉ, આતો માટી ચોરી પકડી છે બહુ જલ્દી બેંટોનાઈટ ચોરી પણ પકડી બતાવીસ!|



ખનિજ ચોરી કરતી આર્ચેન જખાઉ, આતો માટી ચોરી પકડી છે બહુ જલ્દી બેંટોનાઈટ ચોરી પણ પકડી બતાવીસ!|

— Naresh katua

ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના ઉગલવાણ ગામે બીલા રોડ પર એક સિંહ વાછરડાને ગંભીર રીતે ઘાયલ કર્યું



ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના ઓગળવાણ ગામે એક સિંહ એક વાછરડાને ગંભીર રીતે ઘાયલ કર્યું તેથી રાત્રે 12:45 એ સિંહ વાછરડા પર ત્રાપડી પડ્યો રિપોર્ટર સૈયદ સફી બાપુ કાદરી દેલવાડા

— SAFI A QADARI

LOCAL

14 ડિસેમ્બર ના રોજ દિયોદર ખાતે યોજાનાર ઠાકોર સમાજ નું સ્નેહમિલન તૈયારી ના ભાગરૂપે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ



14 ડિસેમ્બર ના રોજ દિયોદર ખાતે ગુજરાતી ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા આયોજિત થનારા ઠાકોર સમાજ સ્નેહમિલન કાર્યક્રમની પૂર્વ તૈયારી માટે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ.

બનાસકાંઠા જિલ્લા પ્રમુખ શ્રી ડી.ડી. જાલેરા અને પ્રદેશ મંત્રી શ્રી મુકેશજી ઠાકોર સહીત અનેક સભ્યોએ બેઠકમાં ભાગ લીધો. તેઓએ કાર્યક્રમની સફળતા માટે વિવિધ જવાબદારીઓનું વિતરણ અને સમુદાયની એકતા મજબૂત કરવા પર ચર્ચા કરી.

બેઠકમાં સમુદાયની જળવાય સંગઠનને મજબૂત બનાવવા વધુ સમાજબંધુઓની ઉપસ્થિતિ સુનિશ્ચિત કરવી અને કાર્યક્રમને અતિ ભવ્ય બનાવવા માટેની યોજનાઓ તૈયાર કરવામાં આવી.

કાર્યક્રમનું મુખ્ય સ્થળ દિયોદર ખાતે ક્ષત્રિય ઠાકોર સમાજ છાત્રાલય નકી કરવા માં આવ્યું

સ્નેહમિલન દ્વારા સમાજમાં સહકાર અને સાંસ્કૃતિક જોડાણને વધુ મજબૂત બનાવવા પ્રયત્ન કરવામાં આવશે.

બેઠકમાં લેવાયેલા નિર્ણયોના આધારે આગામી દિવસોમાં વિગતવાર આયોજન અને પ્રચાર કાર્ય શરૂ થશે, જેથી 14 ડિસેમ્બરનો સ્નેહમિલન કાર્યક્રમ સમુદાયમાં ઉત્સાહ અને ગૌરવનું કારણ બને.

— @GirishRathodBhabhr

ખનિજ ચોરી કરતી આર્ચેન જખાઉ, આતો માટી ચોરી પકડી છે બહુ જલ્દી બેંટોનાઈટ ચોરી પણ પકડી બતાવીસ



ખનિજ ચોરી કરતી આર્ચેન જખાઉ, આતો માટી ચોરી પકડી છે બહુ જલ્દી બેંટોનાઈટ ચોરી પણ પકડી બતાવીસ

— Naresh katua

ખાંભા શહેરમાં દિવાળી રાતે જ્ઞાતિ સમુહો વચ્ચે છરીથી થયેલી હત્યા, 7 આરોપી ધરપકડ



દિવાળી ની રાતે ખાંભા શહેરના ભગતવી પરા વિસ્તારમાં જ્ઞાતિ સમુહો વચ્ચે થયેલી હિંસાત્મક ઘટના માં સુલતાનભાઈ દાઉદભાઈ સોલંકીની છરીથી હત્યા કરવામાં આવી હતી

. આ હત્યા એક જ્ઞાતિના બે જૂથો વચ્ચે થયેલી વ્યક્તિગત વિવાદને કારણે બની હતી.

ઘટનાની જાણ મળતા જ ખાંભા પોલીસ એ 7 આરોપીઓને ધરપકડ કરી અને હત્યા સ્થળે રિકન્ટ્રક્શન કરવામાં આવ્યું. આરોપીઓને ઘટનાસ્થળ પર લઇ જઈ ફરીથી તપાસ કરવામાં આવી.

હત્યા સાથે 5 કરતા વધુ વ્યક્તિઓને ઇજા થઈ. ધરપકડ થયેલ 7 આરોપીઓને ખાંભા પોલીસ 6 દિવસની રિમાન્ડ પર કોર્ટમાં રજૂ કરી. ખાંભા પીઆઈ ચુડાસમા દ્વારા આ મામલે વધુ વિગતવાર તપાસ ચાલુ છે.

— Hanif Katiyar

POLITICS

મોદી 25 વર્ષની સેવા ઉજવીને 2001ની અપ્રત્યાશિત ઘટના યાદ કરી



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 25 વર્ષ સરકારમુખી સેવા પૂર્ણતા ઉજવતા, ઓક્ટોબર 2001ની અપ્રત્યાશિત ઘટના યાદ કરી, જ્યારે તેમને ગુજરાતના મુખ્યમંત્રિ તરીકે નિમણૂક થવાના પહેલા.

તે સમય મોદી ૧૧ અશોકા રોડ, ન્યૂ દિલ્હી માં રહેતા, અને પાર્ટીની નિમણૂક વિશે કોઈને ખબર નહોતી. અચાનક પત્રકારોનો એક જૂથ તેમના રૂમમાં ઘુસીને મીઠાઈની માંગ કરી, અને રમૂજી રીતે જણાવ્યું કે તેઓ જાણે છે કે તેમને ગુજરાતમાં મુખ્યમંત્રિ તરીકે મોકલવામાં આવશે.

આ ઘટના દર્શાવે છે કે મીડિયા ક્યારેક રાજકીય પરિવર્તનને આગાહી કરે છે, અને મોદીની રાજકીય યાત્રા માટે એક રસપ્રદ ક્ષણ બની.

VIRAL & TRENDING

શું 1 જાન્યુઆરી 2027થી તમારી ચેકબુક બેકાર થઈ જશે? વાયરલ મેસેજ પર RBIએ આપ્યો જવાબ



જો તમે બેંકના વ્યવહારો માટે ચેકબુકનો ઉપયોગ કરો છો, તો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા એક મેસેજે તમને પણ ચિંતામાં મૂક્યા હશે. આ મેસેજમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, 31 ડિસેમ્બર 2026 પછી હાલની ચેકબુક બંધ થઈ જશે અને 1 જાન્યુઆરી 2027થી નવા સુરક્ષા ફીચર્સ વાળી ચેકબુક વાપરવી પડશે. જોકે, RBIએ આ દાવાનું ફેક્ટ ચેક કરીને તેને સંપૂર્ણપણે ખોટો અને ભ્રામક ગણાવ્યો છે. હાલની ચેક ટ્રંકેશન સિસ્ટમ (CTS) ચેકબુકમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવી રહ્યો નથી.સોશિયલ મીડિયા પર શું દાવો થઈ રહ્યો છે? કહેવામાં આવી રહ્યું હતું કે બેંકોમાં વપરાતી હાલની સ્ટાન્ડર્ડ CTS ચેકબુક 31 ડિસેમ્બર 2026થી બદલી નાખવામાં આવશે. ત્યારબાદ 1 જાન્યુઆરી 2027થી વધુ સારા સુરક્ષા ફીચર્સ અને નવા માપદંડો સાથેની નવી ચેકબુક લાગુ થશે. આ દાવાના કારણે ગ્રાહકોમાં મૂંઝવણ ઊભી થઈ હતી કે શું વર્ષ પૂરું થાય તે પહેલાં જૂની ચેકબુક બદલાવવી પડશે અને શું 2027થી જૂના ચેક દ્વારા ચૂકવણી બંધ થઈ જશેચેકબુક અંગે રિઝર્વ બેંકની સ્પષ્ટતા

ભારતીય રિઝર્વ બેંકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર સત્તાવાર નિવેદન જાહેર કરીને આ વાયરલ મેસેજને રદિયો આપ્યો છે. RBIએ જણાવ્યું છે કે 31 ડિસેમ્બર 2026થી હાલની CTS ચેકબુક બદલવા અને 1 જાન્યુઆરી 2027થી નવી ચેકબુક લાગુ કરવા અંગેનો જે મેસેજ ફરતો થયો છે તે હકીકતથી તદ્દન વિપરીત છે. કેન્દ્રીય બેંક હાલમાં CTS ચેકબુકને લઈને આવું કોઈ પગલું ભરી રહી નથી, તેથી આ સંદેશ લોકોને ગેરમાર્ગે દોરનારો છે.

શું તમારે હાલની ચેકબુક બદલાવવી પડશે?

કે ઉતાવળમાં ચેકબુક બદલાવવા માટે બેંકના ધક્કા ખાવાની કોઈ જરૂર નથી. કેન્દ્રીય બેંકે ન તો જૂની CTS ચેકબુક બંધ કરવાની કોઈ તારીખ જાહેર કરી છે કે ન તો 1 જાન્યુઆરી 2027થી નવી ચેકબુક લાવવાનો કોઈ નિર્ણય લીધો છે. ભવિષ્યમાં જો કોઈ નિયમ બદલાશે, તો તેની જાણ RBI અને બેંકોની સત્તાવાર સૂચના દ્વારા કરવામાં આવશે.બેંકિંગ સંબંધિત ફેક મેસેજથી સાવધાન રહો

RBIએ નાગરિકોને અપીલ કરી છે કે, તેઓ ચેકબુક કે બેંકિંગના અન્ય નિયમોની માહિતી માટે માત્ર રિઝર્વ બેંકની સત્તાવાર જાહેરાતો પર જ વિશ્વાસ રાખે. સોશિયલ મીડિયા કે વોટ્સએપ પર આવતા આવા મેસેજની ખરાઈ કર્યા વગર તેને આગળ ફોરવર્ડ ન કરવા જોઈએ. કોઈ પણ નવા નિયમ કે ડેડલાઈનની માહિતી મળે ત્યારે RBIની વેબસાઇટ અથવા તમારી બેંકના સત્તાવાર માધ્યમથી તેની ખાતરી અવશ્ય કરી લેવી.

— sutariya kalpeshbhai haribhai, Surat